# જામનગર મહાનગરપાલિકા - જામનગર

મિલ્કત વેરા શાખા

## જાહેર નોટીસ

ધી બી.પી.એમ.સી. એકટ-૧૯૪૯નાં શેડયુલ 'એ'નાં પ્રકરણ-૮નાં નિયમ અનુસાર આસામીઓને તેની સામે દર્શાવેલ મિલ્કત માટેનાં બીલો બજાવેલ છે, જે અન્વયે રકમ વસુલ ન આવતા નિયમ-૪૧ મુજબ માંગણા નોટીસ, વોરંટ, અનુસૂચિ બજાવ્યા બાદ પણ રકમ વસુલ ન આવતાં નિયમ-૪૨,૪૪,૪૫ મુજબ નામ સામે દર્શાવેલ મિલ્કત જપ્તી (ટાંચ)માં લીધેલ છે. આ અંગેની નોટીસ બજાવ્યાની મુદત વિતવા છતાં મ્યુનિસિપલ કર, સફાઇકર, શિક્ષણ ઉપકર, વ્યાજ, નોટીસ ફીની રકમ વસુલ આવેલ ન હોય, તા.૨૨/૦૮/૨૦૧૭નાં રોજ મ્યુનિ. ટાઉનહોલ, જામનગર ખાતે સવારે ૧૧.૦૦ કલાકે જપ્તીમાં લીધેલ મિલ્કત નિયમ-૪૭ મુજબ હરરાજી કરવામાં આવશે. તો રસ ધરાવનાર આસામીઓએ હરરાજીનાં સ્થળે, સમયે ભાગ લેવા આથી જાહેર નોટીસ આપવામાં આવે છે.

| ક્રમ | મિલ્કતનાં નવા તથા જુના એસેસી નંબર | આસામીઓનાં નામ/સરનામું | સરનામું | તા.૧૩/૦૭/૧૭નાં કોમ્પ્યુ. સ્ટેટસ અનુસાર તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીની બાકી મિલ્કત વેરાની રકમ (રૂ.) | | મિલ્કતની અપસેટ વેલ્યુ (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| | | | | રેન્ટબેઇઝ મુજબની બાકી રકમ | કારપેટબેઇઝ મુજબની બાકી રકમ | |
| ૧ | ૧૨/૦૧૦૪૧/00000/00૧<br>૧૪/00૩૬૪/00000/00૧ | વિજયાબેન ધારશીભાઇ બુધ્ધ | ૧૮ દિ.પ્લોટ, ન્યુ સ્કુલ રોડ, જામનગર. | - | ૧,૮૭,૩૬૧/- | ૨૨,૫૩,000/- |
| ૨ | ૧૨/00૪૮૪/00000/00૧<br>૧૪/00૭૫૭/00000/00૧ | સંચયની સેવિંગ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ લીમીટેડ | એ/૧૫, ફર્સ્ટ ફલોર, શાલીભદ્ર પાર્ક, પોલિસચોકી સામે, જામનગર. | ૮૯,૧૬૮/- | ૬૭,૮૨૧/- | ૧૪,૪૭,000/- |
| 3 | ૧૨/00૨૯૧/00000/00૨<br>૧૪/00૮૨૬/00000/00૧ | મે. લેકવ્યુ પોઇન્ટ<br>ભાડુત-ધીરૂભાઇ વિરજી ગરીયા | ૧/એ, ગ્રાઉન્ડ ફલોર, તળાવની બાજુનો ભાગ, સુમેર કલબ રોડ, જામનગર. | ૨,૧૯૫/- | ૩૪,૮૯૨/- | ૬,૬0,000/- |
| ૪ | ૧૨/00૨૯૨/00000/00૨<br>૧૪/00૮૨૬/00000/00૧ | મે. લેકવ્યુ પોઇન્ટ<br>ભાડુત-ધીરૂભાઇ વિરજી ગરીયા | ૧/બી, ગ્રાઉન્ડ ફલોર, તળાવની બાજુનો ભાગ, સુમેર કલબ રોડ, જામનગર. | 3,33૨/- | ૨૯,૬૧૭/- | ૫,૫૭,000/- |
| ૫ | 0૬/0૧૨૫૮/00000/00૮<br>0૨/00૭૧૬/00000/00૨ | મનસુખલાલ પ્રભુભાઇ સોની (સોહમ જ્વેલ.),<br>ભાડુત-અશ્વિન મનસુખલાલ એન્ડ રાજગોર ગોવિંદભાઇ | ગ્રાઉન્ડ એન્ડ ફર્સ્ટ ફલોર, સટા બજાર શેરી સામે, ગ્રેઇન માર્કેટ, જામનગર. | - | ૬૭,૬૪૨/- | ૯,૨૫,000/- |

| ક્રમ | મિલ્કતનાં નવા તથા જુના એસેસી નંબર | આસામીઓનાં નામ/સરનામું | સરનામું | તા.૧૩/૦૭/૧૭નાં કોમ્પ્યુ. સ્ટેટસ અનુસાર તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીની બાકી મિલ્કત વેરાની રકમ (રૂ.) | | મિલ્કતની અપસેટ વેલ્યુ (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| | | | | રેન્ટબેઇઝ મુજબની બાકી રકમ | કારપેટબેઇઝ મુજબની બાકી રકમ | |
| ૬ | ૦૬/૦૧૨૫૯/00000/00૮<br>૦૨/00૭૧૭/00000/0૧૬ | દિપકકુમાર શાંતિલાલ એન્ડ શાંતિલાલ સુંદરજી,<br>ભાડુત-મે. નટરાજ ઓઇલ મિલ | ભાડુત નં.૮, મે. નટરાજ ઓઇલ મિલ, ગ્રેઇન માર્કેટ, સટા બજાર સામે, જામનગર. | - | ૬૬,૮૩૬/- | ૬,૭૭,000/- |
| ૭ | ૦૬/૦૧૨૧૩/00000/0૧૨<br>૦૨/00૭0૮/00000/0૧૮ | અબ્બાસ સાલેમામદ ઝવેરી મુસ્લિમ બોર્ડીંગ,<br>ભાડુત-મે. ઇમ્પીરીયલ ટ્રેડીંગ | ભાડુત નં.૧૨, યુનિયન બેંક પાછળ, ગ્રેઇન માર્કેટ, જામનગર. | - | ૬૮,૯૧૯/- | ૪૨,00,000/- |
| ૮ | ૦૬/૦૧૬૩૭/00000/003<br>૦૨/00૫3૯/00000/00૫ | મધુકર જયંતિલાલ ઝીંઝુવાડીયા,<br>ભાડુત-મે. એમ. આર. સેન્ટર | ભાડુત નં.૩, ફર્સ્ટ ફલોર, મેવાવાલા એજન્સી પાસે, બારદાનવાલા રોડ, જામનગર. | ૧૭,૧૫૯/- | ૪૬,૭૭0/- | ૨૨,૮૮,000/- |
| ૯ | ૦૬/00૨૧૧/00000/003<br>૦૨/00૯૭૯/00000/00૪ | નૈતમલાલ મોહનલાલ,<br>ભાડુત-બેંક ઓફ મહારાષ્ટ્ર | ફર્સ્ટ ફલોરનો ભાગ, બેંક ઓફ મહારાષ્ટ્ર, ગ્રેઇન માર્કેટ, જામનગર. | ૨,૪૫,૩૨0/- | ૧,૭૫,0૯૯/- | ૪૩,૮૯,000/- |
| ૧૦ | 0૫/0૬૨0૮/00000/00૨<br>૧૨/0૨૭૫૪/0000૧/00૧ | અભય ટ્રાવેલ્સ, પાર્ટનર-ભરતકુમાર,<br>ભાડુત-નિતીન અરવિંદ જોઇસર | સેલર શોપ, પી.ડબલ્યુ.ડી. ઓફિસ સામે, કે. વી. રો, બેડી ગેઇટ, જામનગર. | - | ૮૩,૨૩૫/- | ૧૧,૧૪,000/- |
| ૧૧ | 0૫/0૬૩૮૩/00000/00૧<br>૧૨/0૨૭૪૭/00000/00૧ | અનસુયાબેન કાંતિલાલ શાહ,<br>C/o.પુનમ ઇન્વેસ્ટમેન્ટ | ઓફિસ નં.૪03, ચોથો માળ, કે. પી. શાહ હાઉસ, ધણશેરી, બેડી ગેઇટ, જામનગર. | ૧૧,૮૫,0૫૩/- | ૨૮,૯૬૮/- | ૩,૪૮,000/- |
| ૧૨ | 0૫/0૬૭૭૧/00000/0૨૫<br>૧૨/0000૪/00000/03૯ | બળવંતરાય એન્ડ ગુલાબરાય રામલોક પંડિત,<br>ભાડુત-કિશોર પી. ધીયા | ઓફિસ ભાડુત નં.૨૫, ફર્સ્ટ ફલોર, ગીતા લોજ સામે, જુના રેલ્વે સ્ટેશન પાસે, જામનગર. | - | ૨૬,૧૮૮/- | ૩,૧૭,000/- |
| ૧૩ | 0૫/0૬૭૭૧/00000/0૨૬<br>૧૨/0000૪/00000/030 | બળવંતરાય એન્ડ ગુલાબરાય રામલોક પંડિત,<br>ભાડુત-ડી. ભરતભાઇ આઇ. માંકડ | ઓફિસ ભાડુત નં.૨૬, ફર્સ્ટ ફલોર, ગીતા લોજ સામે, જુના રેલ્વે સ્ટેશન પાસે, જામનગર. | - | ૨૬,૧૮૮/- | ૩,૧૭,000/- |

હરરાજીની બોલીઓ અને શરતો જામનગર મહાનગરપાલીકાની વેબસાઇટ www.mcjamnagar ઉપર જોઇ શકાશે.

કમિશ્નર

જામનગર મહાનગરપાલિકા

# જામનગર મહાનગરપાલિકા - જામનગર

મિલ્કત વેરા શાખા

## -: હરરાજીની શરતો :-

(૧) જે મિલ્કતની હરરાજી છે, તે આજનાં દિવસે જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં જ વેંચાણ કરવાની છે. બાકીદાર આસામીનું મિલ્કત માટેનું જે હિત છે તે વેંચાણ કરવામાં આવે છે.

(૨) હરરાજીમાં મિલ્કત રાખનાર આસામીએ હરરાજીમાં માંગણી સ્વીકાર થયેથી ૨૫% ભાગની રકમ તુરંત સ્થળ ઉપર ચેકથી જમા કરાવવાની રહેશે. બાકીની ૭૫% ભાગની રકમ માંગણી મંજુર થયેથી દિવસ-૪ (ચાર)માં જામનગર મહાનગરપાલિકામાં ભરપાઇ કારવાની રહેશે.

(3) ઉપર શરત નં.(૨)નો ભંગ થયેથી જામનગર મહાનગરપાલિકા ધ્વારા સબંધિત મિલ્કતની ફરી હરરાજી કરવામાં આવશે અને તેમાં જો ઓછી રકમ ઉપજશે તો ઘટતી રકમ પ્રથમનાં માંગણીદાર પાસેથી વસુલ લેવામાં આવશે. જો વધુ રકમ ઉપજશે તો પ્રથમનાં માંગણીદારનો કોઇ હકક રહેશે નહિં તેમજ તે માંગણીદારની બાકીની ૨૫% ભાગની રકમ જામનગર મહાનગરપાલિકા ધ્વારા જપ્ત કરવામાં આવશે.

(૪) માંગણીદાર તરફથી મંજુર થયેથી તમામ રકમ અત્રે ભરપાઇ કર્યેથી જામનગર મહાનગરપાલિકા ધ્વારા માંગણીદારને સદરહુ મિલ્કતનું રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરી આપવામાં આવશે, જેના રજીસ્ટ્રેશન ફી, દસ્તાવેજના સ્ટેમ્પ તેમજ આ દસ્તાવેજ પરનાં કેન્દ્ર સરકાર / રાજય સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમો અને જોગવાઇ મુજબનાં આનુસંગિક તમામ ખર્ચ માંગણીદારે ભોગવવાનાં રહેશે.

(૫) દસ્તાવેજની લખાઇ તેમજ તેનો આનુસંગિક તમામ ખર્ચ પણ સબંધિત મિલ્કત લેનારનાં શિરે રહેશે.

(૬) જામનગર મહાનગરપાલિકાનાં લીગલ એડવાઇઝરશ્રીની સલાહ મુજબ દસ્તાવેજ કરી આપવામાં આવશે.

(૭) જે મિલ્કતમાં ભાડુઆતો છે તે મિલ્કત જેમની તેમ જે તે સ્થિતિમાં / ભાડુત રાખવાની શરતે સોંપવામાં આવશે. ભાડુતી જગ્યાનો કબ્જો ભાડુત પાસેથી ખાલી કરાવવાની જવાબદારી મિલ્કત લેનારનાં શિરે રહેશે. જામનગર મહાનગરપાલિકાની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહિ.

(૮) મિલ્કતનાં માલિકનાં ટાઇટલ સબંધે માંગણીદારે અલગથી સ્વખર્ચે જાતે તપાસ કરવાની રહેશે. ટાઇટલ સબંધે જામનગર મહાનગરપાલિકાની કાંઇપણ પંકારની જવાબદારી રહેશે નહિ.

(૯) જે આસામીની મિલ્કત ઉપરનાં બાકી વેરાની લેણાંની રકમ માટે સુચિત થયેલ છે તે બાકી લેણાં માટે ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટની જોગવાઇ હેઠળ જરૂરી કાનૂની પ્રક્રિયાથી તે મિલ્કત કાનૂની રીતે કોર્પોરેશનમાં વેસ્ટ થયેલ છે, તે રીતે નિયમાનુસાર સેલ સર્ટીફીકેટ મળશે.

(૧૦) હરરાજીમાં ભાગ લેવા માટે ન્યૂનતમ રકમ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) અગાઉ રોકડેથી જમા કરાવવાની રહેશે. આ રકમ હરરાજીની પ્રક્રિયા પૂર્ણ થયે જો તેઓ સફળ બીડર નહિ હોય તો પરત ચુકવી આપવામાં આવશે. પરંતુ, બીડરની રકમ મિલ્કતનાં દસ્તાવેજનાં રજીસ્ટ્રેશન વખતે હિસાબ ગણાશે. જે બીડરની બોલી સ્વીકાર કરવામાં આવશે અને પછીથી તેઓ સંપૂર્ણ રકમ ભરપાઇ કરી નહિ શકે તો તેવી રકમ જપ્ત થયેલી ગણાશે.

(૧૧) હરરાજીમાં ભાગ લેનારે બોલીની શરત મુજબ ૨૫% ચેકથી રકમ ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં રોકડ રકમની સ્થળ ઉપર વ્યવસ્થા ન થાય તો સ્થાનિક બેંકનાં ચેકની રકમ ચુકવવાનાં કિસ્સામાં બીડરે પોતાના ખાતાનો ચેક અને બેલેન્સ માટે પાસબુકની છેલ્લી એન્ટ્રીની તથા પહેલા પાનાની ઝેરોક્ષ તથા સરનામાંની ખાતરીનાં આધારો માટે જરૂરી દસ્તાવેજો સાથે રાખવાનાં રહેશે.

(૧૨) ઉપરોકત શરતો સિવાય કમિશનરશ્રી, જામનગર મહાનગરપાલિકાને યોગ્ય જણાય તેવી અન્ય શરતો વખતોવખત ઉમેરવાનો હકક અબાધિત છે તેમજ ઉકત શરતોનાં અર્થઘટનમાં વિવાદ ઉભો થાય તો તેવા કિસ્સામાં કમિશનરશ્રી, જામનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

કમિશનર
જામનગર મહાનગરપાલિકા